# રેગ્યુલર સિવિલ શ્યુટ નં.૦૮/૨૦૨૧

**આંક–૦૫**

| | |
|---|---|
| सत्यमेव जयते | વાદી– ગુજરેલ ઠાકોર સેધાજી વરજાંગજીના વારસો **૧/૧** ઠાકોર ગાંડાજી S/O સેધાજી, **૧/૨** ઠા. જીબેન D/O સેધાજી, **૧/૩** ઠાકોર બબાજી S/O સેધાજી, **૧/૪** ઠાકોર ગોપીબેન D/O સેધાજી, **૧/૫** ઠાકોર બાલાજી S/O સેધાજી, **૧/૬** ઠાકોર રુડીબેન D/O સેધાજી ઉ.વ.આ.પુખ્તવયના, **૧/૭** ઠાકોર વાધાજી S/O સેધાજી ઉ.વ.આ.પુખ્તવયના, **૧/૮** ઠાકોર વિજાબેન D/O સેધાજી, **૧/૯** ઠાકોર નીતાબેન D/O સેધાજી, તમામ રહે.નેકારીયા, તા.કાંકરેજ,જી.બનાસકાંઠાવાળાઓની હંગામી મનાઈ હુકમની અરજી( **આંક–૦૫**) લગત હુકમ |

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે જાહેરાતનો તથા કાયમી મનાઈ હુકમનો દાખલ કરેલો છે અને વાદી દ્વારા હાલના દાવાની સાથે ઓ.૩૯, રૂ.૧,૨ અન્વયે તથા કલમ ૧૫૧ નીચે દાવો ચાલતા દરમીયાન હંગામી મનાઈ હુકમની માંગણી કરતી હાલની અરજી કરેલ છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

- આ કામના વાદીઓની વડીલોપાર્જીત અને વારસાઈ કબજા ભોગવટામા આવેલ મોજે નેકારીયા, તા.કાંકરેજ,જી.બનાસકાંઠા જુના સ.નં.૩૬ પૈકી, ૧૪ એ.૩૮ ગુંઠા નવો ખાતા નં. ૧૬૧, સ.નં.૮૫, હે.આરે. ૫–૫૧–૦૩ચો.મી. આકાર રૂ.૨૧.૭૧ પૈસાવાળી જમીનમાં અમો વાદી ખેતી કરી અમો અમારા કુટુંબનુ ગુજરાન ચલાવીએ છીએ. અત્યારે આ જમીનમા બાજરી અને એરંડાનું વાવેતર કરેલ છે. અને ઠાકોર સેજીબેન હીરાજીના નામે ચાલતા વીજ કનેકશન તથા અન ફીઝીકલી અમો વાદીના માલીકીના બોરથી પાણી મેળવી ખેતી કરી અમો અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ.

- આ હંગામી મનાઈ હુકમનું કારણ ગઈ તા.૧૬/૪/૨૦૨૧ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આ કામના પ્રતિવાદીઓ નં. ૧ થી ૨ વાળા મંત્રી

તથા ચેરમેન સ્થળ ઉપર આવી અઠવાડીયામા કબજો ખાલી કરી આપી સોંપવાનું રાખશો. નહીતર બાજરી તથા એરંડાના પાકનું ભેલાણ કરી કબજો પડાવી લેવાની તથા સાથે સાથે જાનથી મારી નાંખવાનીજાસા ધમકી આપતા આ દાવો તાત્કાલીક લાવવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

➢ આ કામે દાવાવાળી જમીન અમો વાદીની વડીલોપાર્જીત અને કબજા ભોગવટાવાળી જમીન આવેલ છે. અત્યારે આ જમીનમા એરંડા અને બાજરીનું વાવેતર કરેલછે અને ખેતરમા રહેઠાણ બનાવીને રહીને ખેતી ની સાથે પશુપાલન કરી અમો અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ. આ કામના પ્રતિવાદીઓ ના નામે રેવન્યુ રેકર્ડે તેમનુ માત્ર નામ ચાલતુ હોવાના કારણે અવાર નવાર કબજો પડાવી લેવાની ધમકીઓ આપે જ જાય છે. અને ગઈ તા. ૧૬/૪/૨૦૨૧ ના રોજ કબજો પડાવી ભેલાણ તથા નુકશાન અમો વાદીના વાવેતરનું ખેડાણ કરી દેવાની ગર્ભીત ધમકીઓ આપેલ છે. જેથી આ કામના પ્રતિવાદીઓ કાયદો હાથમા લઈ અથવા કાયદાની યોગ્ય પક્રિયા કર્યા વિના કબજો પડાવી ના લે તથા આ કામના પ્રતિવાદીઓ સામે ગેરકાયદેસર કબજો અમારી કબજા ભોગવટાવાળી દાવાવાળી જમીનમા પ્રવેશ કરી નુકશાન,બગાડ કે તોડ ફોડ કરે, કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવા મે.થશે.

➢ આ કામે આ કામના વાદીઓનો પ્રથમદર્શનીય રીતે કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. વાદીઓને માંગ્યા મુજબ હંગામી મનાઈ હુકમ આપવામા નહી આવે તો નાંણામાં આંકી નહી શકાય તેટલું નુકશાન થાય તેમ છે.સામા પક્ષે પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. જેથી વાદીઓને માંગ્યા મુજબનો દાવાના ચાલતા કામે હંગામી મનાઈ હુકમ આપવા મહે.થશો. આમ, ઉપરોક્ત

હકીકતોને લઈને વાદીએ હાલની હંગામી મનાઈ હુકમની અરજી  દાખલ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને નામ.કોર્ટ દ્બારા કારણ દર્શક નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓ તરફે **આંક–૧૧** થી  થી દાવા અરજી તથા હંગામી મનાઈ હુકમની અરજીનો સંયુક્ત જવાબ રજુ થયેલ છે તેમજ પ્રતિવાદીઓએ **આંક–૧૨** થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરી માર્ક ૧૨/૧ થી માર્ક ૧૨/૦૯ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદીઓએ વાદીની દાવાની તથા હંગામી મનાઈ હુકમની અરજીમાં જણાવેલ હકીકતોનો મોટા ભાગે ઈન્કાર કરેલ છે અને તેઓએ તેમના જવાબમાં મહત્વની હકીકત જણાવેલ છે કે,

- આ જમીન પ્રતિવાદી મંડળી ધી કાંકરેજ તાલુકા અનુસુચિત જાતી સામુહીક ખેત ઉત્પાદક સહકારી મંડળી લી. ની છે. જેની નોંધણી સહાકારી મંડળીના કાયદા અને નિયમો હેઠળ થયેલ છે. જેનો વહીવટ સંચાલન મંડળીના પેટા કાયદા મુજબ વહીવટ કરવામાં આવે છે. આજની તારીખે પણ આ વાદવાળી જમીન સરકારી રેકર્ડ મંડળીના નામે નોંધાવેલ છે. તે સંજોગોમાં વડીલોપાર્જીત જમીન હોવાની હકીકત ખરી નથી. હકીકતમાં અમો પ્રતિવાદી મંડળીને ખેતી હેતુ માટે પ્રાન્ત ઓફીસરશ્રી રાધનપુરે મોજે ગામ નેકારીયા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા મુકામે સર્વે નં :–૩૬ પૈકી ની એકર ૧૪–૩૮ ગુંઠા જમીન હુકમ નં:–સીલીંગ.વશી. ૬૦૩ તાઃ– ૨/૩/૮૫ થી ગ્રાન્ટ કરવામાં આવેલ અને તે આધારે હકક પત્રક નોંધ નં:– ૨૫૦ તા.૧૩/૩/૮૫ થી પાડવામાં આવેલ આમ ત્યારથી સદરહું જમીન અમો પ્રતિવાદી મંડળીના કબજા ભોગવટા હેઠળ માલીકી હકક ધરાવીએ છીએ અને આ ખેતીની જમીનમાં મંડળી સિવાય અન્ય કોઇનો કોઇ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, કે અધિકાર આવેલ નથી કે પોષાતા નથી. આમ આ જમીન નિયમ મુજબ અમો મંડળીના નામે દાખલ થયેલ હતી પરંતુ તે પ્રમાણે ન કરતા જમીન ઉપર

કબજો જાળવી રાખી ખેતી કરતા હોઇ તેવા બહાના સર વારસાઈ કબજો હોવાનું વાદીઓ જાહેર કરતા હોઇ અમો પ્રતિવાદીઓને કબુલ ન હોઇ ઇન્કાર કરીએ છીએ. વાદીઓને કોઇ લીગલ ટાઇટલ લીગલ પઝેશન ન હોઇ વાદીઓને વડીલોપાર્જીત જમીન હોવાનું અને વારસાઇ કબજાથી ખેતી કરતા હોવાનો કોઇ હકક અધિકાર ન હોવાનું અમો જાહેર કરીએ છીએ.

- વધુમાં પ્રતિવાદીઓ તેઓના જવાબમાં જણાવે છે કે, વાદીઓને વાદવાળી જમીનનું કોઈ લીગલ ટાઇટલ કે લીગલ પઝેશન ન હોઇ વાદીઓને આવો દાવો કરવાનું કોઇ કારણ ઉત્પન્ન થતુ નથી હકીકતમાં વાદીઓના કબજાની જમીન બાબતને ફરીયાદ શિહોરી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે. રેવન્યુ રેકર્ડ વાદવાળી જમીન મંડળીના નામે ચાલે છે. તેમજ સરકારી રેવન્યુ નોંધ નં. ૨૫૦ મુજબ તાઃ–૧૩/૮/૧૯૮૫ થી સદરહું જમીન કાંકરેજ તાલુકા અનુસૂચીત જાતી સામુહીક ખેત સહકારી મંડળી લી. તરફે જણાવેલ શરતોએ આપવામાં આવેલ છે. મંડળીએ કાયદેસરની કાર્યવાહી કરી અને સદરહું જમીનનો કબજો પરત લેવા માંગણી કરતા વાદીઓએ જાનથી મારી નાંખવાની જાસા ધમકી આપવાની તથા કબજો પડાવી લેવાની હકીકત ઉપજાવી કાઢેલ હોઇ અમો તે તમામ હકીકતો ઇન્કાર કરીએ છીએ. આમ, ઉપરોક્ત મુજબનો જવાબ રજુ કરી વાદીઓનો દાવો રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદીના વિ.વશ્રીએ તેમની અરજીમાં જણાવેલ હકીકતોના પુનરાવર્તન રૂપે મૌખીક દલીલો રજુ કરેલ છે અને દાવા અરજી સાથે રજુ કરેલ આંક–૪ વાળી દસ્તાવેજી યાદી પર આધાર રાખી હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીઓ તરફે તેઓના જવાબમાં જણાવેલ હકીકતો મુજબ મૌખીક દલીલો કરેલ છે અને

આંક-૧૨ થી રજુ કરેલ દસ્તાવેજી યાદીમાં રજુ કરેલ તે પર આધાર રાખી વાદીનો દાવો તથા હંગામી મનાઈ હુકમની અરજી રદ્દ કરાવ અરજ ગુજારેલ છે.

**સદર કામે રજુ થયેલ તમામ હકીકતો, મનાઈ અરજી ધ્યાને લેતા મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | શુ વાદીનો કેસ પ્રથમદર્શનીય છે? |
| **મુદ્દા નં.૦૨.** | શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે? |
| **મુદ્દા નં.૦૩.** | શુ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થાય તેવુ નુકશાન થાય તેમ છે? |
| **મુદ્દા નં.૦૪.** | શુ હુકમ? |
| | **ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.** |
| **મુદ્દા નં.૦૧.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૨.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૩.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૪.** | આખરી હુકમ મુજબ. |

**-::કારણો::-**

(૬) સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એક સાથે સંકળાયેલ હોઈ ચર્ચામાં પુનરાવર્તન કરવા માટે મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા કરવાનું યોગ્ય જણાતુ હોઈ સંયુક્ત ચર્ચા કરેલ છે.

(૭) ઉભયપક્ષકારોની રજુઆતો/દલીલો સાંભળી, હંગામી મનાઈ હુકમની અરજી વાદીએ રજુ કરેલ આંક–૦૪ થી દસ્તાવેજી યાદી તથા પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ તથા આંક–૧૨ થી રજુ કરેલ પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી લીસ્ટ લક્ષમાં લીધેલ. હવે વાદીની હાલની અરજી લક્ષમાં લેવામાં આવે અને વાદીએ આંક–૦૪ થી રજુ કરેલ દસ્તાવેજી યાદી સાથે રજુ કરેલ દાવાવાળી જમીનનું રેવન્યુ રેકર્ડ જોતા વાદીએ રજુ કરેલ માર્ક ૪/૧ થી દાવાવાળી મીલકતની ખાતાવાહી એટલે કે નમુના નં.૮માં કબજેદાર તરીકે પ્રતિવાદીઓના નામ ચાલે છે જે નોંધ નં.૧૪૦ થી દાખલ થયેલ છે. હવે સદરહુ રેવન્યુ નોંધ નં. ૧૪૦ લક્ષમાં લેવામાં આવે તો માર્ક ૪/૫ થી નમુના નં.૬ હક્ક પત્રક વાદીએ રજુ કરેલ છે જે તા.૦૯–૧૨–૧૯૭૨ના રોજ સર્વે નં.૩૬ વાળી જમીનમાં ટોચ મર્યાદાના કાયદા હેઠળ એ.ગુ.૧૪–૩૮ શ્રી સરકાર ખાતે કરવાની નોંધ મહેસુલી અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તેમજ આ કામે રજુ થયેલ માર્ક ૪/૯ થી રજુ થયેલ નમુના નં.૬ હક્ક પત્રક રજુ થયેલ જે લક્ષમાં લેવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓને પ્રાંત અધિકારી રાધનપુરના નં. સીલીંગ વશી ૬૦૩, તા.૦૨–૦૩–૧૯૮૫ આધારે ફાળવેલ જેની નોંધ મહેસુલી અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ તેઓના જવાબના સમર્થનમાં આંક–૧૨ થી દસ્તાવેજી યાદી રજુ કરેલ છે તે પણ ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદીઓને સદરહુ દાવાવાળી મીલકતનો કબજો સુપ્રત કરવા નોટીસ આપેલ છે જે આ કામે માર્ક ૧૨/૬ થી રજુ રાખેલ છે તેમજ પોલીસ કાર્યવાહી કરેલ અંગેનો પત્ર પણ આ કામે પ્રતિવાદીઓએ માર્ક ૧૨/૮ અને ૧૨/૯ થી રજુ રાખેલ છે. જે દસ્તાવેજોને હાલના તબક્કે પ્રતિવાદીઓએ રજુ કરેલ જવાબને સમર્થન પ્રાપ્ત થાય છે તેવુ અમારૂ માનવુ છે.

(૮) આમ, ઉપરોક્ત તમામ હકીકતો, વાદીની હાલની અરજી, વાદીએ રજુ કરેલ આંક–૦૪ વાળી દસ્તાવેજી કાગળો તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ તઆ તે સાથે રજુ કરેલ દસ્તાવેજી કાગળો તેમજ વાદીની  પ્રતિંવાદીની મૌખીક દલીલો લક્ષમા રાખી જોવામાં આવે તો વાદીનો હાલનો કેસ હાલના તબક્કે પ્રથમદર્શનીય જણાઈ આવતો નથી તેવુ અમારૂ સ્પષ્ટ માનવુ છે. વધુમાં, ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા અગર વાદીની હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવે તો વાદી કરતા પ્રતિવાદીઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવાની સંભાવના છે અને તેથી જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં

આવે તો પ્રતિવાદીઓને અગવડતા પડે તેમ છે તેથી મુદ્દા નં.૨ અને ૩નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**-::હુકમ::-**

(૧) વાદીની આંક-૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી ના-મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ૧૦ મી માહે જુન સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી
તા.૧૦-૦૬-૨૦૨૪

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ, શિહોરી
કોડ-જીજે૦૧૨૭૮